# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૪૪ તા.૧૧-૦૮-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ‘‘હોમ લર્નિંગ’’ દ્વારા શૈક્ષણિક પ્રવૃત્તિ બાબત.

સંદર્ભ :- નં : એસએસએ/મકમ/૨૦૨૦/૨૫૭૩૫-૮૦૬ તા.૧૧-૦૮-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, કોરોના મહામારીને કારણે વિદ્યાર્થીઓને શાળાઓમાં બોલાવી શૈક્ષણિક કાર્ય કરાવી શકાય તેમ નથી. પરંતુ શિક્ષણ વિભાગની સૂચના અને તે અનુસંધાને ‘હોમ લર્નિંગ’ દ્વારા વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરાવવામાં આવી રહી છે.

આ કાર્યક્રમ વધુ સારી રીતે હાથ ધરી શકાય તે માટે તેમજ સ્વચ્છ શાળા વિદ્યાલય, બાળકોનો સર્વે, એકમ કસોટી વગેરેની ચર્ચા અર્થે નીચેની વિગતે એક ટેલી-કોન્ફરન્સનું પ્રસારણ બાયસેગના માધ્યમથી રાખવામાં આવેલ છે. જે તમામ મદદનીશ શાસનાધિકારીશ્રી,સુપરવાઈઝરશ્રી, યુ.આર.સી. કો.ઓ., સી.આર.સી.કો.ઓ., મુખ્ય શિક્ષક અને શિક્ષકોએ ચૂસ્તપણે નિહાળવાનું રહેશે.

| | | |
|---|---|---|
| ટેલી-કોન્ફરન્સના પ્રસારણની તારીખ | : | ૧૪-૦૮-૨૦૨૦ |
| ટેલી-કોન્ફરન્સના પ્રસારણનો સમય | : | સવારે ૧૦-૩૦ થી ૧૨-૦૦ કલાક |

તા.૧૧-૦૮-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૪૪-Aતા.૧૧-૦૮-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ૩૦-૩૦ STEM ઓનલાઈન સાપ્તાહિક કાર્યક્રમ બાબત.

સંદર્ભ :- ક્રમાંક : એસએસએ/કયુ.ઈ.સેલ./૧/૨૦૨૦/૨૫૬૬૪-૨૫૭૩૪ તા.૧૦-૦૮-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે,આઈ.આઈ.ટી.ગાંધીનગર અને આઈ.આઈ.એસ.ઈ.આર.પુણે દ્વારા ૩૦-૩૦ STEM ઓનલાઈન સાપ્તાહિક કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ પાઠ્યક્રમ સાથે જોડાયેલ ગણિત અને વિજ્ઞાનની વિશેષતાઓ જાણી વર્ગખંડને જીવંત બનાવવાનો છે. આ કાર્યક્રમ અંતર્ગત ગણિત અને વિજ્ઞાન વિષય સાથે જોડાયેલ રોચક વાતો દ્વારા આ વિષય પ્રત્યનો ભય દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવશે. સદર કાર્યક્રમમાં શિક્ષકો દ્વારા પુછવામાં આવતા પ્રશ્નોના પ્રતિઉત્તર પણ આપવામાં આવશે. માન.શિક્ષણ મંત્રીશ્રી(ભારત સરકાર) દ્વારા આ કાર્યક્રમને ટ્વીટ કરીને લોન્ચ કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમ માટે https://ccl.iitgn.ac.in/3030STEM વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. કાર્યક્રમ સંપૂર્ણપણે નિઃશુલ્ક છે. ૧૬ ઓગષ્ટથી શરૂ થતો આ કાર્યક્રમ ૩૦ અઠવાડિયા સુધી દર રવિવારે સાંજે ૪-૦૦ થી ૫-૦૦ દરમ્યાન આઈ.આઈ.ટી., ગાંધીનગરના "Center for Creative Learning" ના યુ-ટ્યુબ ચેનલ https://youtube.com/IITGNCLI પર પ્રસારીત કરવામાં આવશે.

દરેક કાર્યક્રમના વિડીયો ડિસ્ક્રિપ્શનમાં ૪-૫ પ્રશ્ન આપેલ હશે, તમામ અઠવાડિયાના કાર્યક્રમનો પ્રશ્નોના જવાબ સબમિટ કરનાર શિક્ષકશ્રીઓને સમગ્ર શિક્ષા, ગાંધીનગર દ્વારા આ તાલીમ માટેનું પ્રમાણપત્ર આપવામાં આવશે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૧૧-૦૮-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી કચેરી
સમગ્ર શિક્ષા, સેક્ટર-૧૭, ગાંધીનગર
ફોન નં-૦૭૯-૨૩૨૪૩૧૩૩
e-mail : spdssa@gmail.com
Toll Free No.1800-233-7965

મન્યમેવ જયતે

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

પી ભારતી (IAS)
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
એસપીઓ, એસએસએ

ક્રમાંક: એસએસએ/ક્યુ.ઈ.સેલ/૧/૨૦૨૦/ 25665-25735 તા: ૧૦/૦૮/૨૦૨૦

**પ્રતિશ્રી,**
**જિલ્લા પ્રોજેક્ટ કૉ-ઓર્ડીનેટરશ્રી અને**
**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી**
**જિલ્લા: તમામ**
**શાસનાધિકારીશ્રી, તમામ**

**પ્રતિશ્રી,**
**જિલ્લા શિક્ષણાધિકારીશ્રી**
**જિલ્લા: તમામ**

વિષય : ૩૦-૩૦ STEM ઓનાલાઈન સાપ્તાહિક કાર્યક્રમ બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે આઈ.આઈ.ટી., ગાંધીનગર અને આઈ.આઈ.એસ.ઈ.આર., પુણે દ્વારા ૩૦-૩૦ STEM નામનો ઓનલાઈન સાપ્તાહિક કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ પાઠ્યક્રમ સાથે જોડાયેલ ગણિત અને વિજ્ઞાનની વિશેષતાઓ જાણી વર્ગખંડને જીવંત બનાવવાનો છે. આ કાર્યક્રમ અંતર્ગત ગણિત અને વિજ્ઞાન વિષય સાથે જોડાયેલ રોચક વાતો દ્વારા આ વિષય પ્રત્યનો ભય દુર કરવાનો પ્રયત્ન કરવામાં આવશે. શિક્ષકો દ્વારા આ કાર્યક્રમ દરમિયાન પુછવામાં આવતાં પ્રશ્નોના પ્રતિઉત્તર પણ આપવામાં આવશે. માન. શિક્ષા મંત્રીશ્રી (ભારત સરકાર) દ્વારા આ કાર્યક્રમને ટ્વીટ કરીને લોન્ચ કરવામાં આવેલ છે.

શિક્ષક મિત્રોએ આ કાર્યક્રમ માટે https://ccl.iitgn.ac.in/3030STEM વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. આ કાર્યક્રમ સંપુર્ણ રીતે નિ:શુલ્ક છે. ૧૬ ઓગસ્ટથી શરૂ થનાર આ કાર્યક્રમ ૩૦ અઠવાડીયા સુધી દર રવિવારે સાંજે ૪ થી ૫ કલાક દરમિયાન આઈ.આઈ.ટી., ગાંધીનગરના "Center for Creative Learning" ના યુ-ટ્યુબ ચેનલ https://youtube.com/IITGNCLI પર પ્રસારીત કરવામાં આવશે.

દરેક કાર્યક્રમના વિડીયોના ડિસ્ક્રિપ્શનમાં ૪–૫ પ્રશ્ન આપેલ હશે. તમામ અઠવાડીયાના કાર્યક્રમના પ્રશ્નોના જવાબ સબમિટ કરનાર શિક્ષકશ્રીઓને સમગ્ર શિક્ષા, ગાંધીનગર દ્વારા આ તાલીમ માટેનું પ્રમાણપત્ર આપવામાં આવશે.

**ઉક્ત વિગત ધ્યાને લઈ આપના તાબા હેઠળની તમામ શાળાઓના ધોરણ–૬ થી ૧૨ ના ગણિત અને વિજ્ઞાન વિષયના તમામ શિક્ષકશ્રીઓને આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવા જણાવવામાં આવે છે.**

( પી.ભારતી )

**<u>નકલ સવિનય રવાના:</u>**

- માન. સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક, શિક્ષણ વિભાગ, ગાંધીનગર
- માન. નિયામકશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર
- માન. નિયામકશ્રી, પ્રાથિમક શિક્ષણ નિયામકની કચેરી,ગાંધીનગર
- માન. નિયામકશ્રી, જીસીઈઆરટી,ગાંધીનગર
- માન.એ.એસ.પી.ડી.શ્રી, સદર કચેરી.